# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે, ભારતનો અમેરિકા સાથેનો ઐતિહાસિક વેપાર કરાર સતત ધીરજનું પરિણામ છે
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, સમાજના તમામ વર્ગો સાથે મળીને પ્રગતિ કરશે, ત્યારે જ ભારત ઝડપથી સમૃદ્ધ બનશે.
3) લોકસભામાં ગેરવર્તૂણક બદલ આઠ વિપક્ષી સાંસદોને ફરજ મોકૂફ કરાયાં.
4) ભૂટાનના ઉર્જા અને કુદરતી સંસાધન મંત્રીએ કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટર સાથે મુલાકાત કરી.
5) ઈરાનના વિદેશ મંત્રીએ કહ્યુ, ઈરાન કોઈપણ દબાણ હેઠળ વાટાઘાટો કરશે નહીં.
6) WPL ક્રિકેટમાં, આજે ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA – US TERRIF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે , ભારતનો અમેરિકા સાથેનો ઐતિહાસિક વેપાર કરાર સતત ધીરજનું પરિણામ છે. શ્રી મોદીએ સંસદ ભવનમાં સંસદીય પક્ષની બેઠકમાં NDA સાંસદોને સંબોધતા આ વાત કહી. ભારત અને અમેરિકા એક ઐતિહાસિક વેપાર કરાર પર પહોંચ્યા છે જેના હેઠળ વોશિંગ્ટન ભારતીય ઉત્પાદનો પર પારસ્પરિક ટેરિફ ઘટાડીને 18 ટકા કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, NDA સંસદીય પક્ષની બેઠકમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, વેપાર કરારે આર્થિક વાતાવરણ બનાવ્યું છે અને વૈશ્વિક વેપાર વાટાઘાટો માટે સરકારના સુસંગત અને માપેલા અભિગમને પ્રતિબિંબિત કરે છે. NDA સાંસદોએ બેઠક દરમિયાન ભારત-અમેરિકા વેપાર કરાર માટે પ્રધાનમંત્રી મોદીનું સન્માન કર્યું.

અનેક કેન્દ્રીય મંત્રીઓએ પ્રધાનમંત્રી મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પને આ ઐતિહાસિક વેપાર કરાર પર અભિનંદન પાઠવ્યા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વેપાર કરારને જીત-જીતનો સોદો ગણાવ્યો.

ઉદ્યોગ સંગઠનોએ ભારત-અમેરિકા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાની પ્રશંસા કરી છે, અને કહ્યું છે કે આ દ્વિપક્ષીય વેપારને વેગ આપશે અને રોજગારની તકો ઉભી કરશે

. . . . . . . . . . . . .

# GOYAL-INDIA US EARLY

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ભારત - અમેરિકા વેપાર સોદો એક ઐતિહાસિક અને ભવિષ્યલક્ષી વેપાર કરાર છે જે ભારતના રાષ્ટ્રીય હિતને કેન્દ્રમાં રાખે છે. તેમણે ઉમેર્યું હતું કે આ વેપાર સોદો વૈશ્વિક અર્થતંત્રમાં દેશની સ્થિતિને મજબૂત બનાવે છે.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ , ભારતે મજબૂત સ્થિતિથી વાટાઘાટો કરી અને એક એવો સોદો કર્યો જે ઝડપથી વિકસતા અર્થતંત્રના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

(BYTE - પીયૂષ ગોયલ)

. . . . . . . . . . . . .

# PREZ - ODISHA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે કહ્યું કે ભારત ત્યારે જ ઝડપી સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે જ્યારે સમાજના તમામ વર્ગો સાથે મળીને પ્રગતિ કરે , પર્યાવરણનું રક્ષણ કરીને ટેકનોલોજીકલ વિકાસ પર ભાર મૂકે. તેમણે કહ્યું કે ભારતીય યુનિવર્સિટીઓ આ રાષ્ટ્રીય પ્રયાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે અને ભવિષ્યમાં પણ આમ કરતા રહેવું જોઈએ. રાષ્ટ્રપતિ આજે ઓડિશાના બાલાસોર ખાતે ફકીર મોહન યુનિવર્સિટીના 12મા દીક્ષાંત સમારોહમાં બોલી રહ્યા હતા. તેમણે સ્નાતક વિદ્યાર્થીઓને સામાજિક જવાબદારી નિભાવવા અને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિયપણે યોગદાન આપવા હાકલ કરી

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું વ્યાવસાયિક સિદ્ધિઓ સખત મહેનત અને પ્રતિબદ્ધતાને અનુસરશે, પરંતુ સામાજિક જવાબદારી યુવાનોનું માર્ગદર્શક મૂલ્ય રહેશે. કાર્યક્રમ દરમિયાન, તેમણે યુનિવર્સિટીના નવનિર્મિત 1000-સીટર ઓડિટોરિયમનું પણ ઉદ્ઘાટન કર્યું.

. . . . . . . . . . . . .

# LS- MP SUSPENSION

લોકસભામાં અનુશાસનહીનતા બદલ આઠ વિપક્ષી સાંસદોને બજેટ સત્રના બાકીના સમય માટે ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે. આમાં કોંગ્રેસ પક્ષના મણિકમ ટાગોર, અમરિંદર સિંહ રાજા , ગુરજીત સિંહ ઔજલા , હિબી એડન, ડીન કુરિયાકોસે, પ્રશાંત પડોલે અને કિરણ કુમાર રેડ્ડી અને સીપીઆઈ-એમના કે.એસ. વેંકટેશનનો સમાવેશ થાય છે.

આજે બપોરે ૩ વાગ્યા પછી જ્યારે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થઈ , ત્યારે વિપક્ષી સાંસદોએ વિવિધ મુદ્દાઓ પર વિરોધ કરવાનું શરૂ કર્યું. પ્રમુખ અધિકારીએ સાંસદોના અનુશાસનહીન વર્તન સામે વાંધો ઉઠાવ્યો. ત્યારબાદ , સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં અનુશાસનહીનતા અને ગેરવર્તણૂક બદલ આઠ સાંસદોને બજેટ સત્રના બાકીના સમય માટે ફરજ મોકૂફ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. ગૃહે ધ્વનિ મત દ્વારા પ્રસ્તાવ પસાર કર્યો. ત્યારબાદ સ્પીકરે ગૃહને આવતીકાલે સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

. . . . . . . . . . . . .

# INDIA BHUTAN-POWER SECTOR

ભૂટાનના ઉર્જા અને કુદરતી સંસાધન મંત્રી લિયોનપો જામ ત્શેરિંગે આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટર અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રીપદ નાઈક સાથે મુલાકાત કરી. ઉર્જા ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે લાંબા ગાળાના સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચા થઈ.

ઉર્જા મંત્રાલયે જણાવ્યું કે બંને પક્ષોએ 1,200 મેગાવોટ પુનાત્સંગચુ- II જળવિદ્યુત પ્રોજેક્ટમાંથી વીજળી ઉત્પાદનની વ્યાપારી સંભાવના અંગે ચર્ચા કરી. પુનાત્સંગચુ જળવિદ્યુત પ્રોજેક્ટના પ્રથમ તબક્કાના વહેલા કમિશનિંગ પર પણ ભાર મૂકવામાં આવ્યો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# REV. EVE RS - MOTION OF THANKS

રાજ્યસભામાં આજે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા ફરી થઈ. ચર્ચામાં ભાગ લેતા , ભાજપના ઘનશ્યામ તિવારીએ જણાવ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે કામ કરી રહી છે.

કોંગ્રેસના સાંસદ રજની અશોકરાવ પાટીલે કહ્યું કે રાષ્ટ્રપતિનું ભાષણ દેશની સાચી પરિસ્થિતિને પ્રતિબિંબિત કરતું નથી. તેમણે દાવો કર્યો કે વૈશ્વિક સ્તરે ભારતની માથાદીઠ આવક ખૂબ ઓછી છે.

શિવસેનાના મિલિંદ મુરલી દેવડાએ કહ્યું કે ભારતનું અર્થતંત્ર વાર્ષિક 7 ટકાના દરે વધી રહ્યું છે, જે મુખ્ય અર્થતંત્રોમાં સૌથી ઝડપી છે. તેમણે કહ્યું કે વિશ્વભરના ઘણા દેશો ભારત સાથે વેપાર કરાર કરવા આતુર છે.

સંસદ ગૃહમાં હાલ ચર્ચા ચાલી રહી છે.

. . . . . . . . . . . . .

# IRAN -DIALOGUE

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પુનરોચ્ચાર કર્યો છે કે ઈરાન પરસ્પર આદરના આધારે વાટાઘાટો માટે તૈયાર છે , પરંતુ કોઈપણ દબાણ હેઠળ વાટાઘાટો કરશે નહીં. ઈરાનના રાજ્ય પ્રસારણકર્તા પ્રેસ ટીવીએ અહેવાલ આપ્યો છે કે અરાઘચીએ દક્ષિણ તેહરાનમાં ઇમામ ખોમેનીના સમાધિની મુલાકાત દરમિયાન આ ટિપ્પણી કરી હતી.

અરાઘચીએ કહ્યું કે ઈરાન હંમેશા તેના રાષ્ટ્રના હિતોનું રક્ષણ કરવા માટે રાજદ્વારી માટે તૈયાર રહ્યું છે, પરંતુ તે કોઈપણ રાજદ્વારી દબાણ કે ધમકીઓ સામે ઝૂકી શકશે નહીં.

. . . . . . . . . . . . .

# PM- PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 6 ફેબ્રુઆરી, શુક્રવારે લોકોને 'પરીક્ષા પે ચર્ચા ' કાર્યક્રમ જોવા આમંત્રણ આપ્યું છે. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે યુવાનો સાથે વાતચીત કરવાથી ઉર્જા મળે છે. તેમણે ઉમેદવારોને તણાવ વગર પરીક્ષા આપવા, પડકારોનો સામનો કરવા માટે વ્યવહારુ પદ્ધતિઓ અપનાવવા , સંકલન બનાવવા અને આત્મવિશ્વાસ વધારવા વિનંતી કરી.

શ્રી મોદીએ માહિતી આપી કે આ વર્ષે દેવમોગરા , કોઈમ્બતુર, રાયપુર, ગુવાહાટી અને તેમના સત્તાવાર નિવાસસ્થાન , 7 લોક કલ્યાણ માર્ગ , દિલ્હીમાં ઉમેદવારો સાથે મહત્વપૂર્ણ સત્રો યોજવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# BUDGET-REAX CULTURE

સરકારે કેન્દ્રીય અંદાજપત્રમાં, ધોળાવીરા, લોથલ, રાખીગઢી, આદિચનલ્લુર, સારનાથ, હસ્તિનાપુર અને લેહ પેલેસ સહિત 15 પુરાતત્વીય સ્થળોને જીવંત અને પ્રાયોગિક સાંસ્કૃતિક સ્થળોમાં વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા , સંસ્કૃતિ મંત્રાલયના સચિવ વિવેક અગ્રવાલે આ નિર્ણયની પ્રશંસા કરતા કહ્યું કે આ પહેલો પ્રવાસન સ્થળો પર માળખાગત સુવિધાઓના વિકાસ તેમજ આજીવિકા નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપશે.

. . . . . . . . . . . . . .

# GUJARAT TRADE REACTION

ભારત અને અમેરિકા વચ્ચેના સીમાચિહ્નરૂપ વેપાર કરારથી ગુજરાતના કાપડ અને હીરા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ જીવનરેખા આવી છે. એક ઐતિહાસિક પગલામાં , અમેરિકાએ ભારતીય માલ પરના આયાત ટેરિફ 50 ટકાથી ઘટાડીને સ્પર્ધાત્મક 18 ટકા કર્યા છે.

સુરત અને અમદાવાદ માટે , અગાઉના ઊંચા ટેરિફમાંથી ઘટાડાનો અર્થ એ છે કે ભારતીય કાપડ હવે બાંગ્લાદેશ અને વિયેતનામ જેવા દેશો સાથે સમાન સ્તરે સ્પર્ધા કરી શકે છે. ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઇલ ટ્રેડર્સ એસોસિએશન ના અધ્યક્ષ કૈલાશ હકીમે આ કરારને આવકારતા કહ્યું કે તેનાથી નિકાસ ઓર્ડરમાં મોટો ઉછાળો આવશે, જેનો સીધો લાભ રાજ્યભરના હજારો MSME એકમો અને વણકરોને થશે.

(બાઇટ - કૈલાશ હકીમ)

અમેરિકાના ભારે ટેરિફને કારણે જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગમાં હીરાની નિકાસમાં લગભગ 50 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટિટ્યૂટ ના અધ્યક્ષ દિનેશ નાવડિયાએ આ કરારને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની સતત રાજદ્વારીનો વિજય ગણાવતા કહ્યું ટેરિફમાં ઘટાડો સુરતના ડાયમંડ પોલિશિંગ હબમાં નવું જીવન ફૂંકશે અને તેમનું વૈશ્વિક પ્રભુત્વ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે.

. . . . . . . . . . . . .

# REV EVE CRICKET - WPL

મહિલા પ્રીમિયર લીગ , WPL ક્રિકેટમાં, એલિમિનેટર મુકાબલામાં આજે ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ ચાલી રહી છે.

વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી આ મેચમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા અહેવાલ પ્રમાણે ગુજરાત જાયન્ટ્સના 4 ઓવરમાં એક વિકેટે 21રન થયા છે. આ મેચની વિજેતા ટીમ ગુરુવારે ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.

. . . . . . . . . . . . .